તા. ૧૫.૦૯.૨૦૨૪
સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૨

## ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોના પ્રારંભના કાઉન્ટડાઉન શરૂ, મંગળવારથી સવારે ૮ થી સાંજે ૭ સુધી મેટ્રો દોડશે

# ઈંતેજારનો અંત આવશે

# સોમવારે PM ગાંધીનગરની જનતા માટે મેટ્રો ખુલ્લી મૂકશે: ઓછામાં ઓછું પાંચ, વધુમાં વધુ રૂ. ૪૦ ભાડું

### મેટ્રોરેલ એસી અને સીસીટીવીથી સજ્જ ત્રણ કોચ, ૧૦૦૦ મુસાફરોની ક્ષમતા રહેશે, હાઈવેની સરખામણીમાં ઓછો સમય અને સસ્તુ ભાડુ

। ગાંધીનગર ।

ગાંધીનગરવાસીઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારથી મેટ્રોરેલ સ્વરૂપે નવલુ નજરાણુ અર્પણ કરશે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના સેકન્ડ ફેઝના મેટ્રો રેલ પ્રોજેક્ટનું કામ પુર્ણ થતા સોમવારે વડાપ્રધાન મેટ્રોરેલનો પ્રારંભ કરાવશે. જાહેર જનતા માટે આ સેવા મંગળવારથી સવારે આઠથી સાંજના સાત કલાક સુધી ઉપલબ્ધ રહેશે. મેટ્રોરેલ શરૂ થતા રોડ પરના ટ્રાફિકનું ભારણ ઘટશે. સાથે મુસાફરોને સમય અને નાણાની પણ બચત થશે. ગાંધીનગર સેક્ટર-૧ થી મોટેરા સુધીનું ભાડુ માત્ર ૨૫ રૂપિયા રહેશે. ગાંધીનગરથી દર એક કલાકે મેટ્રોરેલ ઉપલબ્ધ રહેશે. આ રેલમાં ત્રણ કોચ હશે. જે અત્યાધુનિક ટેકનોલોજી સાથે બનાવવામાં આવ્યા છે. આજે ગિફ્ટસિટીથી ગાંધીનગર સેક્ટર-૧ સુધીના મેટ્રોરૂટ પર મેટ્રોરેલ દોડાવવામાં આવી હતી. આ રેલમાં ત્રણ કોચ છે. જેમાં એક હજાર જેટલા મુસાફરો મુસાફરી કરી શકે તેટલી ક્ષમતા છે. દરેક કોચમાં ૫૦ મુસાફરોની બેઠક વ્યવસ્થા અને ૩૦૦ જેટલા મુસાફરો ઉભા ઉભા મુસાફરી કરી શકશે. મેટ્રોરેલનું ઓછામાં ઓછુ ભાડુ ૫ રૂપિયા અને ત્યારબાદ દર પાંચ કિલોમિટરને પાંચ રૂપિયા ભાડુ વધશે. વધુમાં વધુ ૪૦ રૂપિયાનું ભાડુ નક્કી કરવામાં આવ્યુ છે. ગાંધીનગર સેક્ટર-૧ થી મોટેરા સુધીના સેકન્ડ ફેઝમાં ૧૫ સ્ટેશનોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં પીડીપીયુ અને ગિફિટસિટી સ્ટેશનનો પણ સમાવેશ થાય છે. કોચ સંપુર્ણ વાતાનુકુલિત, સીસીટીવી કેમેરાથી સજ્જ રહેશે. તેના દરવાજા ઓટોમેટિક ખુલશે. સાથેસાથે દરેક સ્ટેશન પર એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ રહેશે. જેના કારણે મુસાફરોને સીડી ચડીને સ્ટેશન સુધી પહોંચવુ નહી પડે. ગાંધીનગરમાં પ્રારંભીક તબક્કામાં સવારે આઠથી સાંજના સાત કલાક સુધી મેટ્રોટ્રેન દોડાવવાનું આયોજન છે. મેટ્રોરેલના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ત્યારબાદ મુસાફરોની સંખ્યા અને જરૂરિયાત પ્રમાણે સમયમાં ફેરફાર કરવામાં આવશે. આ ઉપરાંત હાલ દર એક કલાકે મેટ્રોરેલની સુવિધા ઉપલબ્ધ રહેશે. ઉલ્લેખનીય છેકે, અમદાવાદમાં દર ૧૨થી ૧૫ મિનીટે મેટ્રોરેલ મળે છે. જોકે, પ્રારંભમાં અમદાવાદમાં પણ ફ્રિકવન્સી ૫૫ થી ૬૦ મિનીટની હતી. પરંતુ ત્યારબાદ મુસાફરો વધતા ફ્રિકવન્સી ઘટાડીને ૧૨ થી ૧૫ મિનીટ કરવામાં આવી હતી. આ સુવિધાથી ગાંધીનગરથી અમદાવાદ અવરજવર કરતા મુસાફરોને ટ્રાફિકની સમસ્યમાંથી પણ મુક્તિ મળશે. મેટ્રોરેલ ગાંધીનગર ભ્રમણની પણ ભુમિકા નિભાવશે. મેટ્રોરેલ જમીનથી ૨૨ મિટરની ઉંચાઈ પર દોડશે. જેનાથી મુસાફરો ગાંધીનગરનું સ્કાયવ્યુ નિરીક્ષણનો આનંદ પણ મેળવી શકશે. સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોટેરાથી સેક્ટર-૧ સુધીના ૨૦.૯ કિલોમીટર લાંબા કોરિડોરમાં આવતા ૧૫ સ્ટેશનો પૈકી આઠ સ્ટેશનનું લોકાર્પણ કરશે. જેમાં જીએનએલયુ, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા, ઈન્ફોસિટી, સેક્ટર-૧, પીડીપીયુ અને ગિફ્ટસિટી સ્ટેશનનો સમાવેશ થાય છે. પ્રોજેક્ટ પાછળ ૩૨૦૦ કરોડનો ખર્ચ થયો છે.

### મેટ્રો ટ્રેનના ભાડાની વિગત


| ક્રમ | અંતર | ભાડુ |
|---|---|---|
| ૦ | ૨.૫ (કી.મી) | ૫ (રૂપિયા) |
| ૨.૫ | ૭.૫ (કી.મી) | ૧૦ (રૂપિયા) |
| ૭.૫ | ૧૨.૫ (કી.મી) | ૧૫ (રૂપિયા) |
| ૧૨.૫ | ૧૭.૫ (કી.મી) | ૨૦ (રૂપિયા) |
| ૧૭.૫ | ૨૨.૫ (કી.મી) | ૨૫ (રૂપિયા) |
| ૨૨.૫ | ૩૦ (કી.મી) | ૩૦ (રૂપિયા) |
| ૩૦ | ૩૭.૫ (કી.મી) | ૩૫ (રૂપિયા) |
| ૩૭.૫થી વધુ | --------- | ૪૦ (રૂપિયા) |



### ટ્રેનની અંદર આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ હશે

- » મુસાફરો માટે કટોકટી એલાર્મ
- » મુસાફર માહિતી સિસ્ટમ
- » ડાયનેમિક રૂટ મેટ ડિસ્પ્લે
- » ડિજિટલ રૂટ મેપ
- » બહારના સ્પીકર્સ,
- » દિવ્યાંગો માટે ખાસ ફાળવેલી જગ્યા
- » સીસીટીવી કેમેરા

### એરપોર્ટની માફક દરેક મુસાફરોનું ચેકિંગ અને સામાનનું સ્કેનિંગ કરાશે



મેટ્રોરેલ સ્ટેશન અત્યાધુનિક બનાવવામાં આવ્યા છે. સુરક્ષાના ભાગરૂપે અહિ એરપોર્ટની માફક દરેક મુસાફરોનું ચેકિંગ અને સામાનનું સ્કેનિંગ કરવામાં આવશે. આ માટે એન્ટ્રી પોઇન્ટ પર સ્કેનિંગ મશીન પણ મુકવામાં આવ્યા છે.

### દરેક સ્ટેશનની લંબાઇ ૧૪૦ મિટર અને પહોળાઇ ૨૫ મિટર

મેટ્રોરેલ સ્ટેશનમાં ગીર્દીની સમસ્યા સર્જાય નહી તેનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. જે દરેક સ્ટેશનની લંબાઇ ૧૪૦ મિટર અને પહોળાઇ ૨૫ મિટર જેટલી વિશાળ રાખવામાં આવી છે. દરેક સ્ટેશનનો બિલ્ટઅપ એરિયા ૫૩૪૦ મિટરનો છે. જેમાં એન્ટ્રી અને એક્ઝિટ માટે અલગ વ્યવસ્થા છે. દરેક સ્ટેશન પર રસ્તાની બંને બાજુએ બે એન્ટ્રી એક્ઝિટની વ્યવસ્થા રાખવામાં આવી છે આ ઉપરાંત ચાર લિફ્ટ અને ચાર એક્સેલેટર્સની પણ વ્યવસ્થા કરાઇ છે. આ ઉપરાંત તમામ સ્ટેશનો પર યોગ્ય રેમ્પ, દિશાત્મક તથા ચેતવણીના સાઇન, દિવ્યાંગો માટે પણ જરૂરી માપદંડ પ્રમાણેની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.આ ઉપરાંત સ્ટેશનની ડિઝાઇનમાં પણ આબોહવા, પ્રકાશ, હવાની અવરજવરને ધ્યાને લેવાઇ છે. સ્ટેશનમાં ત્રણ લેવલ છે. જેમાં સ્ટ્રીટ લેવલ, કોનકોર્સ અને સૌથી ઉપર પ્લેટફોર્મ લેવલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મુસાફરોની સલામતી માટે ઇમરજન્સી ટેલિફોન, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પેસેન્જર્સ ઇન્ફોર્મેશન ડિસ્પ્લે સિસ્ટમ જેવી સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઇ છે. કોનકોર્સ એરિયામાં ટિકીટ ઓફિસ, સિસ્ટમ રૂમ, સ્ટેશન કંટ્રોલરૂમ અને શૌચાલયની પણ સુવિધા ઉપલબ્ધ કરાવાઇ છે.



### ૧૫૦૦ લોકોને રોજગાર પ્રાપ્ત થશે

મેટ્રોરેલના સેકન્ડ ફેઝના બાંધકામના તબક્કા દરમિયાન પ્રોજેક્ટ ડિઝાઇન અને અમલીકરણ માટે અંદાજીત ૫ હજાર વ્યક્તિઓની ડાયરેક્ટ અને દસ હજાર વ્યક્તિઓની ઇનડાયરેક્ટર માનવશક્તિ કાર્યરત હતી. ઓપરેશનના તબક્કા દરમિયાન ૧૫૦૦ જેટલા કર્મચારીઓને આ પ્રોજેક્ટ રોજગારી પુરી પાડશે.